BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટને 2020 કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાની ઝાંખી પ્રકાશિત કરી અને કાઉન્સિલે 2021-2022 માટે 16 મહત્વપૂર્ણ અગ્રતાઓ પર તીવ્ર ધ્યાન આપવાને મંજૂરી આપી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જાન્યુઆરી 28, 2021) – ગઈકાલે, સીટી ઓફ બ્રેમ્પટને 2018-2022 નાં સમયગાળા દરમિયાન પોતાની પ્રગતિ, 2020 માં કાઉન્સિલની અગ્રતાની પરિભાષા પર અદ્યતન માહિતી પ્રકાશિત કરી, જે વૈશ્વિક મહામારીના વિતેલા વર્ષ દરમિયાન મહત્વની ઉપલબ્ધિઓ પર પ્રકાશ ફેંકે છે.

મેયર અને કાઉન્સિલના સભ્યો સાથે થયેલા ઈન્ટરવ્યૂ, વરિષ્ઠ અગ્રણીઓ પાસેથી મળેલો પ્રતિભાવ, અને નવેમ્બર 2020 માં કાઉન્સિલ વર્કશોપમાં હાથ ધરાયેલી મતદાન પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે, કાઉન્સિલે ગઈકાલે સમુદાયને સહાયરૂપ થવામાં કાઉન્સિલ માટે ટોચની અગ્રતાઓ તરીકે 16 પહેલ (પાન 162) મંજૂર કરી. આ અગ્રતાઓ બે પ્રવાહોમાં વહેંચવામાં આવી છે: આંતર સરકારી/ હિમાયતી અગ્રતાઓ; અને શહેર માટે જરૂરી/નિયંત્રિત અગ્રતાઓ, આ બધી અગ્રતાઓથી બ્રેમ્પટનના સ્થાપિત વ્યૂહાત્મક નિર્દેશોને સહાયતા મળવાનું ચાલુ રહે છે.

COVID-19 થી ઊભી થયેલી અણધારી પરિસ્થિતિઓ અને પડકારોમાં, કર્મચારીઓએ કાર્યક્રમો અને સર્વિસીસનું વિતરણ ઝડપી બનાવવાની અને અનુકૂળ થવાની જરૂર પડી હતી. આમ છતાં, સીટીએ પોતાની COVID-19 પ્રતિક્રિયા અને રિકવરી સંતુલિત કરતી વખતે મહત્વના ક્ષેત્રોમાં આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું:

## બ્રેમ્પટન તકો આપતું શહેર છે

સીટી ઓફ બ્રેમ્પટને ધંધાઓની જીવન ક્ષમતા અને ટેકો સુધારવાનું ચાલુ રાખીને નીચે મુજબના કાર્યો કર્યા:

- નાના ધંધાઓને ગ્રાન્ટ ભંડોળમાં $233,000 પૂરા પાડ્યા
- 137 વર્ચ્યુઅલ ઈવેન્ટ્સ અને સેમિનારો મારફતે 5,000 ઉપરાંત સહભાગીઓને પ્રવૃત્તમય કર્યા
- બ્રેમ્પટન એન્ટરપ્રેન્યુર સેન્ટર મારફતે 38 નવા ધંધાઓ અને 82 ધંધાકીય વિસ્તરણોની રચના સહિત, 1,043 ક્લાયન્ટ કન્સલ્ટેશન્સ (સલાહ-મસલતો) પૂરા પાડ્યા
- ડાઉનટાઉન બ્રેમ્પટનમાં આર્થિક ઉપસ્થિતિ વધારવા ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં ચાર નવા ભાગીદારો શરૂ કર્યા

## બ્રેમ્પટન એક મોઝેઈક (રચના) છે

સીટીએ નીચે પ્રમાણે બ્રેમ્પટનનું વૈવિધ્ય અને ચેમ્પિયન સમાવેશ ઉજવવાનું ચાલુ રાખ્યું:

- નફો ન રળવા માટે 48 ડિજિટલ પ્રોજેક્ટ્સને ટેકો આપીને, એડવાન્સ બ્રેમ્પટન ફંડમાં $435,561 નું રોકાણ કર્યું
- અશ્વેત આફ્રિકી અને કેરિબીયન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સશક્તિકરણ અને અશ્વેત-વિરોધી જાતિવાદ એકમ સ્થાપ્યું, અને 2021 માં ઈક્વિટી ઓફિસ શરૂ કરવાની મંજૂરી આપી જે કાર્યસ્થળે અને સમુદાયમાં અવરોધો ઓળખીને કાઢી નાખવા પર ધ્યાન આપશે
- અશ્વેત સમુદાય માટે અગ્નિશમન સેવાઓ કારકિર્દી માહિતી સત્ર યોજ્યું જેમાં 900 સહભાગીઓએ હાજર રહીને એક રેકોર્ડ બનાવ્યો
- સુરક્ષા અને સમાવેશ પર ધ્યાન આપીને સીટીના બે પાર્ક્સ (ઉદ્યાનો) પર્પલ લિલાક મેમોરિયલ પાર્ક અને ઈમેન્સિપેશન પાર્કનું નામ બદલ્યા

## બ્રેમ્પટન એક હરિયાળુ શહેર છે

સીટીએ નીચે જણાવ્યા મુજબ નવીન શોધ, ઊર્જા કાર્યક્ષમતા, જાહેર પરિવહન અને કુદરતી સ્થળોના પુનરોદ્ધાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું:

- પોતાનો સૌ પ્રથમ એવો બૅકયાર્ડ ગાર્ડન કાર્યક્રમ શરૂ કર્યો, જે 6,000 ઉપરાંત સહભાગીઓને આકર્ષશે, સ્થાનિક ફૂડ બેંક્સને 10,000 પાઉન્ડ જેટલું દાન આપવા ઉપજ વિકસાવશે
- ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા પોતાનો કમ્યુનિટી એનર્જી એન્ડ એમિસન રિડક્શન પ્લાન રજૂ કર્યો
- ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ્સ આગળ વધારવા $83.1M; અને પૂરનો પ્રકોપ ઘટાડવા પોતાનો રિવરવૉક પ્રોજેક્ટ આગળ વધારવા $38M નું ભંડોળ સુરક્ષિત કર્યું
- ટ્રાન્ઝિટની ત્રીજી સગવડ, એક સંપૂર્ણ ઇલેક્ટ્રિક ટ્રાન્ઝિટ મેઇન્ટેનન્સ એન્ડ સ્ટોરેજ સગવડ માટેની યોજનાઓ મંજૂર કરી

## બ્રેમ્પટન એક આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે

સીટી સામુદાયિક સુરક્ષા સુધારવા, માનસિક આરોગ્ય સહાયતાઓ વધારવા અને સક્રિય અને આરોગ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહિત કરવા નીચે મુજબ મદદરૂપ થયું:

- સમગ્ર બ્રેમ્પટનમાં સામુદાયિક સુરક્ષા ક્ષેત્રમાં 26 ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ કેમેરા બેસાડ્યા
- રહેવાસીઓ શિયાળુ મહિનાઓમાં સુરક્ષિત રીતે સક્રિય રહી શકે તેની ખાતરી કરવા ચાર નવી આઉટડોર સ્કેટિંગ રિંક્સ ખોલી
- રિક્રિએશન સેન્ટર્સ, ઉદ્યાનો અને મેદાનો જેવી ફિટનેસ સગવડોમાં સુધારાઓ પૂરા કર્યા
- સમગ્ર શહેરમાં સક્રિય પરિવહનને પ્રોત્સાહિત કરવા 26 કિ.મી.ની બાઇક લૅન બનાવી

## બ્રેમ્પટન એક સુસંચાલિત શહેર છે

સીટી ઓફ બ્રેમ્પટને વૈશ્વિક મહામારીના સમયગાળામાં સેવાઓમાં ઉત્કૃષ્ટતા અને સુસંચાલિત શહેર બની રહેવાની અગ્રતાઓ ચાલુ રાખવા નીચેના વિષયો ધ્યાનમાં લીધા:

- અનામત ભંડોળમાં રૅકોર્ડ ફાળા વડે સતત ત્રીજા વર્ષ માટે કરો (ટેક્સીસ) અચળ રાખવાની સાથે સાથે, રહેવાસીઓને મહત્વની સેવાઓ આપી
- ટ્રિપલ AAA ક્રેડિટ મૂલ્યાંકન જાળવી રાખ્યું જે સાબૂત નાણાકીય વ્યવહારો માટે મ્યુનિસિપાલિટીને મળી શકતું શ્રેષ્ઠતમ મૂલ્યાંકન છે
- સગવડોનું નિરીક્ષણ કરતી ઍપ, મોબિ ઇન્સ્પેક્ટ (Mobi Inspect) શરૂઆતમાં અપનાવનાર બન્યું
- $34.9M (તબક્કો 1 સુરક્ષિત પુનઃશરૂઆત કાર્યક્રમ), $27.5M (તબક્કો 2 સુરક્ષિત પુનઃશરૂઆત કાર્યક્રમ) અને $0.6M (મ્યુનિસિપલ ટ્રાન્ઝિટ એન્હાન્સ્ડ ક્લિનીંગ ફંડ)ની નાણાકીય રાહત માટે હિમાયતી બન્યું અને આરક્ષિત કર્યું
- સમગ્ર દેશમાં 300 ટોચના એમ્પ્લોયર્સની યાદીમાં, ફોર્બ્સ દ્વારા કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક તરીકે નામાંકિત થયું

2018-2022 નાં સમયગાળામાં કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાની અંદર 2020 માટે ઝાંખી (હાઇલાઇટ્સ) અને ઉપલબ્ધિઓ વિશે વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/tocp

**અવતરણો (ક્વૉટ્સ):**

“મને કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાની ઝાંખી અને પરિણામો રજૂ કરતા ખુશી થાય છે જેને અમે વર્ષ 2020 માં એક ટીમ તરીકે મેળવી હતી. મહામારીને ધ્યાનમાં રાખતા, સીટીએ ત્વરિત ધ્યાન આપણાં સમુદાયને સહાયતા કરવા પર આપવાનું હતું. એ જ સમયે, અમે પ્રવર્તમાન 51 પહેલ અને 22 અગ્રતાઓ, અને 20 વધારાની કાઉન્સિલે મંજૂર કરેલી પહેલ પર અમારું મહત્વનું કામ ચાલુ રાખ્યું. આપણે 2021 માં

પ્રવેશીએ છીએ ત્યારે, આપણી કાઉન્સિલનું તીવ્ર ધ્યાન 2021-2022 માટે 16 અગ્રતાઓ પર આપવાથી ખાતરી કરી શકાય છે કે આપણે સમુદાય માટે મહત્વપૂર્ણ બાબતો પર ધ્યાન આપવાનું જાળવી રાખીએ છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"2020 માં, અમે COVID-19 ને લીધે અત્યંતપણે પડકારભર્યો સમયનો સામનો કર્યો અને સીટી કર્મચારીઓએ આપણાં રહેવાસીઓ, ધંધાઓ અને સામુદાયિક સમૂહોને સહાયરૂપ થવા અથાક કામ કર્યું. અમારી ટીમે કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાને પહોંચી વળવાનું ચાલુ રાખતી વખતે વૈશ્વિક મહામારીના સમયગાળામાં કાર્યક્ષમ અને અસરકારક સીટી સેવાઓ આપવાનું ચાલુ રાખ્યું છે. મને અમારી ટીમની 2020 ની અને કાઉન્સિલની વચગાળાની તાજી ઉપલબ્ધિઓ જણાવતા ગૌરવ થાય છે કે 16 મહત્વની અગ્રતાઓ આપણાં સમુદાય માટે બહુ શ્રેષ્ઠ પરિણામ આપવા ટીમ બ્રેમ્પટનની કટિબદ્ધતા માટેનું વસિયતનામું છે."

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રૅમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca